PennState Health
Rehabilitation Hospital

# નાણાંકીય સહાય નીતિ

| મંજૂર કરનાર: | મંજૂરી અપાયાની છેલ્લી તારીખ: | બહાર પડાયાની તારીખ: | સંસ્કરણ: |
|---|---|---|---|
| | | | 2019-1 |

**પ્રિન્ટ કરેલી નકલો માત્ર સંદર્ભ માટે છે. સૌથી અદ્યતન સંસ્કરણ માટે કૃપા કરીને ઇલેક્ટ્રોનિક નકલનો સંદર્ભ લો.**

## નિયમનકારી જરૂરિયાતો/સંદર્ભો:

**આ નીતિ Internal Revenue Code (આંતરિક આવક સંહિતા) Section 501(r) અને સંબંધિત નાણાંકીય નિયમનોની પૂર્તતા કરે છે.**

## નાણાંકીય સહાય નીતિ

Penn State Health Rehabilitation Hospital ની નીતિ વંશ, જાતિ અથવા ચુકવણી કરવાની ક્ષમતાથી અસંબદ્ધ રીતે દર્દીઓને તબીબીરૂપે જરૂરી કાળજી પૂરી પાડવાની છે. જે દર્દીઓ પાસે Penn State Health Rehabilitation Hospital દ્વારા પૂરી પડાયેલી સેવાઓ માટે ચુકવણી કરવાના સ્ત્રોત ન હોય તેઓ નાણાંકીય સહાય માટે વિનંતી કરી શકે છે, જેની ફાળવણી અહીં નીચે જણાવેલી શરતોને આધીન કરવામાં આવશે.

## I. પૃષ્ઠભૂ

A. Penn State Health Rehabilitation Hospital એ દાખલ થયેલા દર્દીઓ માટેની પુન:સ્થાપન હૉસ્પિટલ છે, જે Internal Revenue Code (ઇન્ટરનલ રેવન્યુ કોડ)ની કલમ 501(c)(3) હેઠળ Penn State Hershey Medical Centerની જરૂરિયાતો અને રાજ્ય કાયદાઓ હેઠળની સખાવત સંસ્થાઓ સાથે સામાન્યપણે સુસંગત હોય તે રીતે ચલાવવામાં આવે છે અને સંચાલિત કરાય છે.

B. Penn State Health Rehabilitation Hospital તબીબીરૂપે જરૂરી કાળજી પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે. "તબીબીરૂપે જરૂરી કાળજી" દર્દીઓને વંશ, જાતિ, અથવા ચુકવણી કરવાની ક્ષમતાથી અસંબદ્ધપણે પૂરી પાડવામાં આવે છે.

C. નાણાંકીય સહાય નીતિના મુખ્ય લાભાર્થીઓ વીમો ન ધરાવતા અથવા અપૂરતો વીમો ધરાવતા એવા દર્દીઓ હોય એમ ઇચ્છિત છે, કે જેઓ યુનાઇટેડ સ્ટેટ્સના નાગરિકો અથવા કાયમી કાનૂની રહીશો હોય અને જેમની વાર્ષિક પારિવારિક આવક યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ હ્યુમન સર્વિસિસ દ્વારા સમયાંતરે પર પ્રકાશિત કરવામાં આવતી ફેડરલ ગરીબી આવક માર્ગદર્શિકા (FPG માટેની) કરતાં અને સેવા અપાયાની તારીખે આ નીતિ હેઠળ નાણાંકીય સહાયની ફાળવણીના 300% કરતાં વધતી ન હોય. નાણાંકીય અથવા વ્યક્તિગત તકલીફો અથવા વિશેષ તબીબી સંજોગોનો સામનો કરી રહેલા દર્દીઓ પણ સહાય માટે પાત્ર બની શકે છે. કોઇપણ સંજોગોમાં આ નીતિ હેઠળ નાણાંકીય સહાય માટે પાત્ર દર્દીને આવી કાળજી માટે સામાન્યપણે બિલમાં લાગુ કરાતી રકમ કરતાં વધુ રકમ

લાગુ નહિ કરાય.

D. નાણાંકીય સહાય અથવા અન્ય પ્રકારની ચુકવણીઓ મેળવવા માટે, અને ચુકવણી કરવાની તેમની વ્યક્તિગત ક્ષમતાને આધારે તેમની સંભાળ માટેના ખર્ચાઓમાં યોગદાન આપવા માટે દર્દીઓ Penn State Health Rehabilitation Hospitalની પ્રક્રિયામાં સહકાર આપે તે અપેક્ષિત છે.

## II. વ્યાખ્યાઓ

“વાર્ષિક પારિવારિક આવક"નું નિર્ધારણ Census Bureau (સેન્સસ બ્યુરો)ની વ્યાખ્યાને આધારે થાય છે, જે ગરીબી અંગેની ફેડરલ માર્ગદર્શિકાઓની ગણતરી કરતી વખતે નિમ્નલિખિત આવકનો ઉપયોગ કરે છે:

- તેમાં આવક, બેરોજગારી વળતર, કામદાર વળતર, સોશિયલ સિક્યુરિટી, પૂરક સલામતી આવક, જાહેર સહાય, પૂર્વ-સૈનિક ચુકવણીઓ, આશ્રિત લાભો, પેન્શન અથવા નિવૃત્તિની આવક, વ્યાજ, ડિવિડન્ડ, ભાડાં, રોયલ્ટી, ટ્રસ્ટ, વારસામાંથી થતી આવક, શૈક્ષણિક સહાય, નિર્વાહ ખર્ચ, બાળક માટે આધાર, ઘરની બહારથી મળતી સહાય, અને અન્ય પરચૂરણ સ્ત્રોતો તેમજ ગણતરીમાં લઈ શકાય તેવી અસ્ક્યામતોનો સમાવેશ થાય છે.
- બિન-રોકડ લાભો (જેવા કે ફૂડ સ્ટેમ્પ્સ અને રહેણાંક સબસિડીઓ) ગણતરીમાં લેવાતી નથી.
- આવકનું નિર્ધારણ કરવેરા-પૂર્વેના આધારે કરાય છે.
- જો કોઈ વ્યક્તિ પોતાના નિકટતમ સભ્યોના બનેલા પરિવાર સાથે રહેતી હોય, તો "વાર્ષિક પારિવારિક આવક"માં પરિવારના તમામ સભ્યોની આવકનો સમાવેશ થાય છે.

"અરજી"નો અર્થ આ નીતિ હેઠળ અરજદારી કરવાની પ્રકિયા એવો થાય છે, જેમાં ક્યાં તો (a) જાતે, ઓનલાઇન, અથવા એક પ્રતિનિધિને ફોન ઉપર જણાવીને Penn State Health Rehabilitation Hospital નાણાંકીય સહાયની અરજી ભરવાનો, અથવા (b) કાગળના રૂપમાં અરજીને ભરીને Penn State Health Rehabilitation Hospitalને ટપાલ દ્વારા મોકલવા અથવા પહોંચાડવાનો સમાવેશ થાય છે.

"CBO"નો અર્થ Central Billing and Collections Office (સેન્ટ્રલ બિલિંગ ઍન્ડ કલેક્શન્સ ઑફિસ) છે.

"પરિવાર"નો અર્થ દર્દી, દર્દીના જીવનસાથી (જીવનસાથી ક્યાં રહે છે તેનાથી અસંબદ્ધ) અને દર્દીના તમામ કુદરતી અથવા દત્તક લીધેલ અઢાર વર્ષથી નીચેની વયના, દર્દી સાથે રહેતા હોય તેવા બાળકો એવો થશે. જો દર્દી અઢારથી ઓછી વયનો/ની હોય, તો પરિવારમાં દર્દી, દર્દીના કુદરતી કે દત્તક લેનાર માતાપિતા(ઓ) (માતાપિતા ક્યાં રહે છે તેનાથી અસંબદ્ધ), અને માતાપિતા(ઓ)ના અઢારથી ઓછી વયના કુદરતી અથવા દત્તક સંતાનો જેઓ ઘરે રહેતા હોય, તેમનો સમાવેશ થાય છે.

“FPG"નો અર્થ યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ ઍન્ડ હ્યુમન સર્વિસિઝ દ્વારા સમયાંતરે પ્રકાશિત કરવામાં આવતી અને સેવાની તારીખે અમલમાં હોય તેવી ફેડરલ ગરીબી આવક રેખા એવો

થશે.

"વીમા હેઠળ આવરાયેલા દર્દીઓ" એવા વ્યક્તિઓ છે જેઓ કોઈ સરકારી અથવા ખાનગી સ્વાસ્થ્ય વીમો ધરાવતા હોય.

"તબીબીરૂપે જરૂરી કાળજી"નો અર્થ, મેડિકેર દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવેલી, એવી સેવાઓ, જે સેવા પૂરી પડાયાના સમયે શારીરિક અથવા માનસિક સ્થિતિઓની સ્વાસ્થ્ય કાળજી અંગેના વ્યાવસાયિક રીતે સામાન્યપણે સ્વીકૃત માનકો અનુસાર નિદાન કરવા અને નિવારક, ઉપશામક, ઉપચારક અથવા પુન:સ્થાપન કરનારી સારવાર પૂરી પાડવા માટે વાજબી અને જરૂરી હોય, એવો થશે. તબીબીરૂપે જરૂરી કાળજીમાં outpatient (બાહ્ય દર્દીઓ) માટેની પ્રિસ્ક્રિપ્શન દવાઓનો સમાવેશ નથી થતો.

"નીતિ" નો અર્થ હાલમાં અમલમાં રહેલી આ નાણાંકીય સહાય નીતિ એવો થશે.

"વીમા વિનાના અથવા અપૂરતો વીમો ધરાવતા દર્દીઓ" એવા વ્યક્તિઓ છે જે: (i) જેઓ સરકારી અથવા ખાનગી સ્વાસ્થ્ય વીમો ધરાવતા નથી; (ii) જેમના વીમાના લાભો પુરા થઈ ગયા છે; અથવા (iii) જેમના વીમાના લાભોમાં દર્દી જે તબીબીરૂપે જરૂરી સેવાઓ ઇચ્છી રહ્યાં હોય તે આવરી લેવાયેલા ન હોય.

"ગણતરીમાં લઈ શકાય તેવી અસ્ક્યામતો"ને સ્વાસ્થ્યકાળજી જવાબદારીઓની ચુકવણી કરવા માટે ઉપલબ્ધ હોય તેવી અસ્ક્યામતો, જેવી કે રોકડ/બૅંક ખાતાઓ, થાપણના પ્રમાણપત્રો. બૉન્ડ્સ, સ્ટોક્સ, મ્યુચ્યુઅલ ફંડ અથવા પેન્શન લાભો, તરીકે વ્યાખ્યાયિત કરાયેલા છે. Department of Health Services (ડિપાર્ટમેન્ટ ઑફ હેલ્થ સર્વિસિઝ) (DHS)ના Medical Assistance Bulletin, Hospital Uncompensated Care Program (મેડિકલ અસિસ્ટન્સ બુલેટિન, હૉસ્પિટલ અનકમ્પન્સેટેડ કેર પ્રોગ્રામ) અને Charity Plans Countable Assets (ચેરિટી પ્લાન્સ કાઉન્ટેબલ અસેટ્સ)માં વ્યાખ્યાયિત, ઘરો, વાહનો, ઘરનો સામાન, IRAs અને 401K ખાતાઓ જેવી સરળતાથી રોકડમાં રૂપાંતરિત ન કરી શકાય તેવી અસ્ક્યામતોનો સમાવશે નથી થતો.

## III. અન્ય નીતિઓ સાથે સંબંધ

A. <u>તાકીદની તબીબી સેવાઓ સાથે સંબંધિત નીતિ</u> - Penn State Health Rehabilitation Hospital ખાતે તાકીદની સેવાઓ નથી પૂરી પાડવામાં આવતી.

B. <u>પ્રિસ્ક્રિપ્શન દવા માટેને આવરી લેવાવું</u> - તેમની પ્રિસ્ક્રિપ્શન દવાઓના ખર્ચ અંગે સહાયની જરૂરિયાત ધરાવતા દર્દીઓ ફાર્માસ્યુટિકલ કંપનીઓ દ્વારા રજૂ કરાયેલા દર્દી સહાય કાર્યક્રમોમાંના એક માટે પાત્ર હોઈ શકે.

## IV નાણાંકીય સહાય માટે પાત્રતાના માનદંડ

Penn State Health Rehabilitation Hospital ખાતે કાળજી ઇચ્છી રહેલા દર્દીઓ, કે જેઓ નીચે મુજબની પાત્રતાઓ પૂરી કરે છે તેઓ આ નીતિ હેઠળ કલમ VIIમાં વર્ણવેલી સહાય માટે પાત્ર છે.

A. <u>આવક આધારિત નાણાંકીય સહાય -</u>
   1. એવા દર્દીઓ જેઓ વીમા વિનાના દર્દીઓ છે અને જેમની વાર્ષિક પારિવારિક આવક FPGના 300% કરતાં વધતી નથી.
   2. જેઓ દાખલ દર્દી માટેની હૉસ્પિટલ સેવાઓ માટે તબીબીરૂપે જરૂરી કાળજી ઇચ્છી રહ્યાં છે; અને
   3. જેઓ નીચેનામાંથી ઓછામાં ઓછા એક માનદંડને પૂરો કરતા હોય:
      a. એક U.S. નાગરિક હોવ
      b. United States Permanent Resident Card (યુનાઇટેડ સ્ટેટ્સ પરમનન્ટ રેસિડન્ટ કાર્ડ) (USCIS Form i-551) ધરાવતા હોવ

B. <u>સહાય માટે પાત્ર બનવાના વધારાના માર્ગો</u> - એવા દર્દી જે આ નીતિ હેઠળ નાણાંકીય સહાય માટે અન્યથા પાત્ર નથી બનતા, પરંતુ તબીબીરૂપે જરૂરી કાળજીના ખર્ચની ચુકવણી કરવામાં અસમર્થ છે, તે નિમ્નલિખિત સંજોગોમાં સહાય માંગી શકે છે:

   1. <u>અસાધારણ સંજોગો</u> - એવા દર્દીઓ કે જેઓ જાણ કરે કે તેઓ એક આત્યંતિક વ્યક્તિગત અથવા નાણાંકીય મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યાં છે (મૃત્યુમાં પરિણમે તેવી બીમારી અથવા અન્ય આફતકારી તબીબી પરિસ્થિતિ સહિતની)

   2. <u>વિશેષ તબીબી સંજોગો</u> - માત્ર Penn State Health Rehabilitation Hospital ના કર્મચારીઓ દ્વારા પૂરી પાડી શકાતી હોય તેવી સારવાર ઇચ્છી રહેલા અથવા જેઓ કાળજી ચાલતી રહે તે માટે Penn State Health Rehabilitation Hospital તરફથી સતત ચાલતી તબીબી સેવાઓથી લાભ પામી શકે તેવા દર્દીઓ.

   અસાધારણ સંજોગો અથવા વિશેષ તબીબી સંજોગોના કારણોસરની સહાય માટેની વિનંતીઓનું કિસ્સા દર કિસ્સાના ધોરણે મૂલ્યાંકન કરાશે, જેનું CBO મેનેજર દ્વારા નિર્ધારણ કરવામાં આવશે.

C. <u>મેડિકેઇડ સ્ક્રીનિંગ</u> - Penn State Health Rehabilitation Hospital ખાતે કાળજી ઇચ્છી રહેલા વીમા વિનાના દર્દીઓનો સંપર્ક એક પ્રતિનિધિ દ્વારા તેઓ મેડિકેઇડ માટે પાત્ર બને છે કે કેમ તે નિર્ધારણ કરવા માટે કરાઈ શકે છે. વીમા વિનાના દર્દીઓએ આ નીતિ હેઠળ નાણાંકીય સહાય માટે પાત્ર બનવા માટે મેડિકેઇડ પાત્રતા પ્રક્રિયા અંગે સહકાર સાધવો જરૂરી છે.

## V. <u>અરજી કરવાની રીત:</u>

A. આવક આધારિત નાણાંકીય સહાય

   1. આવક આધારિત નાણાંકીય સહાય ઇચ્છી રહેલ કોઈપણ દર્દી સમયપત્રક બનાવવાની અથવા બિલ બનાવવાની પ્રક્રિયા દરમ્યાન કોઈપણ સમયે નાણાંકીય સહાય અરજી

ભરી શકે છે અને તેમને પાત્રતાની સમીક્ષાની તારીખથી તરત પહેલાંના ત્રણ-મહિના અને બાર-મહિનાના સમયગાળા માટે વાર્ષિક પારિવારિક આવકની માહિતી પૂરી પાડવા માટે જણાવાશે. વાર્ષિક પારિવારિક આવકના પુરાવા તરીકે ત્રીજા પક્ષની આવક ચકાસણી સેવાઓ ઉપયોગમાં લેવાઈ શકે. નાણાંકીય સહાય અરજી અમારા પ્રવેશ માટેના ભાગોમાં, www.psh-rehab.com
ખાતે ઓનલાઇન અથવા અમારી સુવિધા અથવા કામગીરીની ઑફિસ ખાતે એક પ્રતિનિધિ પાસે મળી આવશે.

ફેડરલ ટેક્સ રિટર્ન્સ, તાજેતરની પગારચિઠ્ઠીઓ, બૅંકના સરવૈયાઓ, સોશિયલ સિક્યુરિટી નિર્ધારણ, બેરોજગારી અથવા પેન્શનથી આવકનો પુરાવો, વારસાની વહેંચણીની પુષ્ટિ અથવા જવાબદારી પતાવટ અહેવાલો, તબીબી સહાય અથવા સ્વાસ્થ્ય વીમા બજાર નિર્ધારણ, નાગરિકતાનો પુરાવો અથવા કાયદેસરના કાયમી રહીશ તરીકેની સ્થિતિ (ગ્રીન કાર્ડ) સહિતનો પાત્રતાનો પુરાવો અથવા અન્ય કોઈ માહિતી જે નાણાંકીય પાત્રતાનું નિર્ધારણ કરવા માટે નાણાંકીય સહાય અરજીની યોગ્ય રીતે સમીક્ષા કરવા માટે જરૂરી ગણાતી હોય.

2. જો માહિતીના બે સ્ત્રોતો વચ્ચે વિસંગતતા હોય તો Penn State Health Rehabilitation Hospital તરફથી એક પ્રતિનિધિ વાર્ષિક પારિવારિક આવકના ટેકા માટે વધારાની માહિતી માટે વિનંતી કરી શકે.

B. અસાધારણ સંજોગો

જેમની ઓળખ બહુ વધુ રકમ ચુકવવાની થઈ હોય અથવા તેમ થવાનું જોખમ ધરાવનારા અથવા આત્યંતિક વ્યક્તિગત કે નાણાંકીય તકલીફની જાણ કરેલ હોય તેવા વ્યક્તિ તરીકે થઇ હોય એવા કોઇપણ દર્દી માટે Penn State Health Rehabilitation Hospital ના કર્મચારીઓ અરજીની પ્રક્રિયા શરુ કરશે. Penn State Health Rehabilitation Hospital કર્મચારીઓ દર્દી પાસેથી નાણાંકીય સંજોગો અને વ્યક્તિગત તકલીફો વિશે માહિતી એકઠી કરશે. નિર્ધારણો CFO અથવા તેમના દ્વારા નામિત વડે અપાયેલા નિર્દેશો હેઠળ CBO મનેજર દ્વારા કરવામાં આવશે. દર્દીને અંતિમ નિર્ધારણ અંગે સૂચિત કરવામાં આવશે.

C. વિશેષ તબીબી સંજોગો

સમયપત્રક તૈયાર કરતી વખતે અથવા પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન સંભવિત વિશેષ તબીબી સંજોગો ધરાવનારા તરીકે ઓળખ થયેલ કોઈ દર્દી માટે Penn State Health Rehabilitation Hospital કર્મચારીઓ એક અરજીની પ્રક્રિયા શરુ કરશે અને એક પ્રતિનિધિ એ તબીબ, કે જે સારવાર અથવા કાળજી પૂરી પાડી રહ્યાં હોય, તેમની પાસેથી ભલામણ મેળવવા માટે વિનંતી કરશે, કે દર્દીને Penn State Health Rehabilitation Hospital તબીબી કર્મચારીઓ દ્વારા જ

પૂરી પાડી શકાય તેવી સારવારની જરૂર છે કે કેમ, અથવા કાળજી ચાલતી રહે તે માટે દર્દી Penn State Health Rehabilitation Hospital તરફથી સતત ચાલતી તબીબી સેવાઓથી લાભ પામી શકશે કે કેમ. વિશેષ તબીબી સંજોગોનું નિર્ધારણ સારવાર કરી રહેલા તબીબ દ્વારા કરવામાં આવે છે. વિશેષ તબીબી સંજોગો હેઠળ નાણાંકીય સહાય માટે પાત્ર ન બનતા હોય તેવા દર્દીને લેખિતરૂપમાં સૂચિત કરવામાં આવશે.

D. અપૂર્ણ અથવા ખૂટતી અરજીઓ

દર્દીઓને અરજીમાં ખૂટતી માહિતી વિશે સૂચિત કરવામાં આવશે અને તે પૂરી પાડવા માટે વાજબી તક અપાશે.

## VI. પાત્રતા નિર્ધારણ પ્રક્રિયા

A. નાણાંકીય બાબતોનો ઇન્ટરવ્યૂ

નાણાંકીય બાબતોના ઇન્ટરવ્યૂ માટે સમયપત્રક ગોઠવતી વખતે Penn State Health Rehabilitation Hospitalના એક પ્રતિનિધિ નાણાંકીય સહાય ઇચ્છી રહેલા વીમા વિનાના તમામ દર્દીઓનો ટેલિફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કરશે. તે પ્રતિનિધિ આ નીતિ હેઠળ પાત્રતાને ટેકો આપતી હોય તેવી, પરિવારના સંભ્યોની સંખ્યા, પારિવારિક આવકના સ્ત્રોત અને અન્ય નાણાંકીય અથવા કારણરૂપ બનેલા સંજોગો સહિતની માહિતી વિશે પૂછશે અને અરજી ભરવામાં મદદ કરશે. મુલાકાત આયોજિત કરતી વખતે અથવા દાખલ થવાના સમયે, દર્દીઓને Penn State Health Rehabilitation Hospital પ્રતિનિધિને મળવા અને અરજી પર સહી કરવા માટે જણાવાશે.

B. પ્રાપ્ત થયેલી અરજીઓ

નાણાંકીય સહાય માટેની કોઈપણ અરજી, તે પછી જાતે આવીને ભરી હોય, ઓનલાઇન ભરી હોય, પહોંચાડાઈ હોય અથવા ટપાલમાં મોકલાઈ હોય, તેમને મૂલ્યાંકન અને પ્રક્રિયા કરવા માટે Penn State Health Rehabilitation Hospital ના પ્રતિનિધિને રવાના કરવામાં આવશે.

C. પાત્રતાનું નિર્ધારણ

Penn State Health Rehabilitation Hospital પ્રતિનિધિ તમામ નાણાંકીય સહાય અરજીઓનું મૂલ્યાંકન કરશે અને તેમના પર પ્રક્રિયા કરશે. દર્દીને પાત્રતા નિર્ધારણ અંગે પત્ર વડે સૂચિત કરવામાં આવશે. એવા દર્દીઓ કે જેઓ 100% કરતાં ઓછી નાણાંકીય સહાય માટે પાત્ર બને તેમને ચુકવવા પાત્ર રકમનો અંદાજો આપવામાં આવશે અને તેમને ચુકવણીની વ્યવસ્થાઓ કરવા માટે વિનંતી કરવામાં આવશે.

## VII. દર્દીઓને લાગુ કરાતી રકમની ગણતરી કરવા માટેનો આધાર, નાણાંકીય સહાયનો વ્યાપ, અને સમયગાળો

નીતિ હેઠળ આવક આધારિત નાણાંકીય સહાય મેળવવા માટે પાત્ર દર્દીઓ નિમ્નલિખિત આવક

માનદંડો અનુસાર સહાય પ્રાપ્ત કરશે:

- જો તમારી વાર્ષિક પારિવારિક આવક FPGના 300% સુધીની છે, તો તમને વિના મૂલ્યે કાળજી પ્રાપ્ત થશે અથવા વીમા તરફથી ચુકવણી થયા બાદ દર્દીની જવાબદારીમાંથી 100% કપાત મળશે.

- CBOની મુનસફી અનુસાર તમે ચોક્કસ સંજોગો, જેવા કે, આફતકારી બીમારી અથવા તબીબીપણે વંચિત હોવાને આધારે કિસ્સા દર કિસ્સાના ધોરણે વળતર વાળા દરો પ્રાપ્ત કરવા માટે પણ પાત્ર હોઈ શકો.

Penn State Health Rehabilitation Hospital ના મેડિકેઇડ હેઠળ આવરાયેલા હોવા અંગે અને નાણાંકીય સહાય સ્ક્રીનિંગ પ્રક્રિયાની પૂર્તતા કરવામાં નિષ્ફળ રહેવું એ દર્દીને નાણાંકીય સહાય માટે પાત્ર હોવામાંથી બાકાત રાખશે.

જો પછીથી મળેલી માહિતી એવું સૂચવે કે Penn State Health Rehabilitation Hospital ને પૂરી પાડવામાં આવેલી માહિતી સચોટ ન હતી, તો અગાઉ આપવામાં આવેલા વળતરોમાં ફેરફાર કરવામાં આવશે.

અહીં ઉપયોગમાં લેવાયેલ, "સામાન્યપણે બિલ કરાતી રકમ"નો અર્થ IRC §501(r)(5)માં જણાવ્યા અનુસારનો અને United States Department of Treasury અથવા Internal Revenue Service દ્વારા બહાર પડાયેલા કોઈ નિયમનો અથવા માર્ગદર્શિકાઓમાં તે શબ્દસમૂહની વ્યાખ્યા અનુસારનો છે. "સામાન્યપણે બિલ કરાતી રકમ" કેવી રીતે ગણવામાં આવે છે તે અંગે વિગતવાર સમજૂતી માટે પરિશિષ્ટ A જુઓ. પરિશિષ્ટ A વાર્ષિક ધોરણે અધતન કરવામાં આવે છે અને ઓનલાઇન www.psh-rehab.com ખાતે, અમારા પ્રવેશ માટેના વિસ્તારોમાં, અને વિનંતી કર્યે Penn State Health Rehabilitation Hospital પ્રતિનિધિને પૂછીને પણ ઉપલબ્ધ રહેશે.

એક વખત Penn State Health Rehabilitation Hospital એવા નિર્ધારણ પર આવે કે કોઈ દર્દી આવક આધારિત નાણાંકીય સહાય માટે પાત્ર છે, તો તેવું નિર્ધારણ પાત્રતાની સમીક્ષાની તારીખથી નેવું (90) દિવસ માટે માન્ય રહે છે. નેવું (90) દિવસ પછી, દર્દી વધારાની નાણાંકીય સહાય માંગવા માટે એક નવી અરજી કરી શકે.

## VIII. ચુકવણી ન કરવા બદલ પગલાં લેવા પૂર્વે નાણાંકીય સહાય માટે પાત્રતાનું નિર્ધારણ

A. બિલિંગ અને નાણાંકીય સહાય માટેની પાત્રતાના નિર્ધારણ માટેના વાજબી પ્રયાસો

Penn State Health Rehabilitation Hospital એ નિર્ધારણ કરવા ઇચ્છે છે કે દર્દી પ્રવેશ અથવા સેવા લેતી વખતે અથવા તે પહેલાં આ નીતિ હેઠળ સહાય માટે પાત્ર છે કે કેમ. જો

કોઈ દર્દીની નાણાંકીય સહાય માટેની પાત્રતા રજા અપાવા અથવા સેવા લે તે પહેલાં નિર્ધારિત ન થાય, તો Penn State Health Rehabilitation Hospital કાળજી અપાયા સામે બિલ બનાવશે. જો તે દર્દી વીમા હેઠળ આવરાયેલો હોય, તો Penn State Health Rehabilitation Hospital થયેલા ખર્ચા માટે દર્દીના નોંધાયેલા વીમા પ્રદાતાને બિલ લાગુ કરશે. દર્દીના વીમા પ્રદાતા દ્વારા ચુકાદો થયે, દર્દીની બાકી રહેતી કોઇપણ જવાબદારીનું બિલ સીધું દર્દીને લાગુ કરાશે. જો તે દર્દી વીમા હેઠળ આવરાયેલ ન હોય, તો Penn State Health Rehabilitation Hospital થયેલા ખર્ચા માટે સીધું દર્દીને બિલ લાગુ કરશે. દર્દીને રજા અપાય તે પછી શરુ થતા 120 દિવસના સમયગાળામાં દર્દીને શ્રેણીબધ્ધ રીતે ચાર વખત સુધી બિલિંગ વિગતોનો અહેવાલ પ્રાપ્ત થશે, જે દર્દી વિશેના અહેવાલમાંના સરનામાં પર પહોંચાડાશે. ચુકવણી બાકી હોય તેવા દર્દીઓને જ બિલિંગ વિગતોનો અહેવાલ પ્રાપ્ત થશે. બિલિંગ વિગતોના અહેવાલમાં આ નીતિનો સરળ ભાષામાં સારાંશ અને નાણાંકીય સહાય માટે અરજી કેવી રીતે કરવી તેનો સમાવેશ થાય છે. પાત્રતા નિર્ધારણના વાજબી પ્રયાસોમાં આમનો સમાવેશ થાય છે: દાખલ થવાના સમયે દર્દીને નીતિ અંગે સૂચના અને દર્દીના બિલ અંગે દર્દી સાથે લેખિત અને મૌખિક સંચારણ (વાતચીત), કોઈ કાનૂની દાવા થકી પગલાં લેવાની શરુઆત પહેલાં ઓછામાં ઓછા 30 દિવસ પહેલાં વ્યક્તિને નીતિ અંગે અને સહાય માટે અરજી કરવાની પ્રક્રિયા વિશે ટેલિફોન વડે સૂચિત કરવાનો એક પ્રયત્ન, અને ચુકવણી કરવાની બાકી રકમના સંદર્ભમાં પ્રથમ બિલિંગ વિગત અહેવાલના 240 દિવસની અંદર, અથવા, જો મોડું હોય, તો Penn State Health Rehabilitation Hospital વતી કામ કરતી વસૂલી સંસ્થા ચુકવવા પાત્ર બાકી રકમની જાણ હૉસ્પિટલને પરત મોકલે તે તારીખ સુધીમાં આ નીતિ હેઠળ કરવામાં આવેલી નાણાંકીય સહાય માટેની કોઈ અરજીનો લેખિત પ્રત્યુત્તર.

B. ચુકવાયા વિનાની બાકી રકમો માટે વસૂલીના પગલાંઓ

જો 120 દિવસના સમગાળામાં ચાર સુધી બિલિંગ વિગતોના અહેવાલો મોકલાયા પછી કોઇ દર્દીએ ચુકવવાની રકમ બાકી રહેતી હોય, તો તે દર્દીની બાકી રહેતી રકમનો સંદર્ભ Penn State Health Rehabilitation Hospitalનું પ્રતિનિધિત્વ કરતી એક વસૂલી માટેની સંસ્થાને કરાશે જે ચુકવણી વસૂલવા માટે કાર્યવાહી આગળ વધારશે. Penn State Health Rehabilitation Hospitalનું પ્રતિનિધિત્વ કરતી વસૂલી સંસ્થાઓ પાસે જ્યારે બાકી રકમની વિગત વસૂલી સંસ્થાને મોકલવામાં આવી હોય ત્યારથી લઇને 18 મહિના સુધી વસૂલી માટે કાર્યવાહી કરવાની ક્ષમતા છે. દર્દીની ચુકવણી કરવાની બાકી રકમનો સંદર્ભ એક વસૂલી સંસ્થાને કરવામાં આવે તે પછી પણ દર્દી આ નીતિ હેઠળ નાણાંકીય સહાય માટે અરજી કરી શકે છે. રજા અપાયા પછીના બિલિંગ વિગતોના પ્રથમ આહેવાલ કે જેમાં ચુકવવા પાત્ર બાકી રકમ દર્શાવેલી હોય, તેના ઓછામાં ઓછા 120 દિવસો વીતી ગયા બાદ, અને કિસ્સા દર કિસ્સાના ધોરણે, જ્યાં દર્દીએ ચુકવવાપાત્ર રકમ બાકી હોય અને Penn State Health Rehabilitation Hospital અથવા તેની વતી કામ કરતી વસૂલી સંસ્થા તરફથી માહિતી અથવા ચુકવણી માટે કરાતી વિનંતી અંગે સહકાર ન અપાતો હોય ત્યાં Penn State Health Rehabilitation Hospital એક કાનૂની દાવા થકી વસૂલી માટે કાર્યવાહી હાથ ધરી શકે.

દર્દી નાણાંકીય સહાય માટે પાત્ર બને છે કે કેમ તે નિર્ધારણ કરવાના વાજબી પ્રયાસો કરાયા હોય તે પહેલાં કોઇપણ કિસ્સામાં દર્દી માટે તબીબીરૂપે જરૂરી કાળજીને મોડી કરવામાં અથવા નકારવામાં નહિ આવે. Penn State Health Rehabilitation Hospital ખાતે, વીમા વિનાના દર્દી કે જે નવી સેવાઓ મેળવવા નોંધણી કરાવવા ઇચ્છતા હોય અને જેમની નાણાંકીય સહાય માટે પાત્ર ન હોવાની ધારણા કરાઈ હોય, તેમનો એક પ્રતિનિધિ સંપર્ક કરશે,

જે દર્દીને આ નીતિ વિશે સૂચિત કરશે અને જો વિનંતી કરવામાં આવે તો દર્દીને નાણાંકીય સહાય માટેની અરજીની શરુઆત કરવામાં મદદ કરશે.

C. સમીક્ષા અને મંજૂરી

Penn State Health Rehabilitation Hospitalના પ્રતિનિધિને એ સમીક્ષા અને નિર્ધારણ કરવાની સત્તા છે કે કોઈ દર્દી આ નીતિ હેઠળ સહાય માટે પાત્ર છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવા માટે વાજબી પ્રયત્નો કરવામાં આવ્યા છે કે નહિ, જેથી કરીને ચુકવાયા વિનાની બાકી રકમ માટે અસાધારણ વસૂલીના પગલાં શરુ કરી શકાય.

## IX. તબીબો કે જેઓ Penn State Health Rehabilitation Hospital નાણાંકીય સહાય નીતિ હેઠળ આવરાયેલા નથી

અમુક સેવાઓ એવા તબીબો દ્વારા હાથ ધરવામાં આવે છે જેઓ Penn State Health Rehabilitation Hospitalની નાણાંકીય સહાય નીતિ વડે આવરાયેલા નથી. આ સેવાઓ Penn State Hershey Medical Centerની નાણાંકીય સહાય નીતિ કે જે ઓનલાઇન www.pennstatehealth.org ખાતે ઉપલબ્ધ છે, તેના દ્વારા આવરી લેવાઈ શકે.

Penn State Health Rehabilitation Hospital ખાતે કામ કરી રહેલા એવા તબીબો કે જેઓ આ નીતિ હેઠળ આવરવામાં ***નથી*** આવેલા, તેઓ **પરિશિષ્ટ B, પ્રદાતા ચૂચિમાં**, નામ અનુસાર સમાવાયેલા છે. સૂચિ ત્રિમાસિક ધોરણે અધતન કરવામાં આવે છે અને તે www.psh-rehab.com, પર ઓનલાઇન, અમારા પ્રવેશ માટેના વિસ્તારોમાં, અને વિનંતી કર્યે એક Penn State Health Rehabilitation Hospital પ્રતિનિધિને પૂછીને પણ ઉપલબ્ધ છે.